દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬

# બાંગ્લાદેશ સાથે અમેરિકાનો વેપાર કરાર: ભારતીય વસ્ત્ર ઉદ્યોગ માટે ચિંતા

ભારત સાથે અમેરિકાનો વચગાળાનો વેપાર કરાર થયો તેને કારણે ભારતની અનેક વસ્તુઓને અમેરિકામાં ઓછા ટેરિફ સાથે પ્રવેશનો માર્ગ મોકળો થયો છે. ભારતીય વસ્ત્ર ઉદ્યોગ માટે પણ સારી આશા જાગી હતી, પરંતુ આ કરાર થયાના હજી માંડ થોડા જ દિવસમાં બાંગ્લાદેશ સાથે અમેરિકાનો દ્વિપક્ષી કરાર થયો છે અને તેને કારણે ખાસ કરીને ભારતના કાપડ ઉદ્યોગ માટે કેટલીક ચિંતાઓ ઉભી થઇ છે. નવા દ્વિપક્ષીય વ્યાપાર કરાર હેઠળ અમેરિકાએ બાંગ્લાદેશી આયાત પરના રેસિપ્રોકલ ટેરિફ ઘટાડીને 19 ટકા કર્યા છે. આ કરાર હેઠળ અમેરિકામાં ઉત્પાદિત કાચા માલનો ઉપયોગ કરીને બનાવેલા પસંદગીના ટેક્સટાઇલ અને ગારમેન્ટ્સ (તૈયાર કપડાં) માટે ડ્યુટી-ફ્રી એટલે કે કર-મુક્ત પ્રવેશની ઓફર કરવામાં આવી છે, અને ભારતીય વસ્ત્ર ઉદ્યોગ માટે આ એક મોટી ચિંતાની બાબત છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડાએ મંગળવારે જાહેર કર્યું કે અમેરિકામાં ઉત્પાદિત સામગ્રીમાંથી બનેલા પસંદગીના બાંગ્લાદેશી વસ્ત્રોને શૂન્ય ટેરિફ (ઝીરો ટેક્સ) સાથે પ્રવેશ મળે તેવો માર્ગ બનાવવા માટે વોશિંગ્ટન પ્રતિબદ્ધ છે. ટેરિફમાં મળેલી આ રાહ વોશિંગ્ટન સાથે નવ મહિના સુધી ચાલેલી વાટાઘાટોનું પરિણામ છે. શરૂઆતમાં, એપ્રિલ મહિનામાં અમેરિકાએ બાંગ્લાદેશી નિકાસ પર 37 ટકા સુધીના ટેરિફનો પ્રસ્તાવ મૂક્યો હતો. સઘન ચર્ચાઓ પછી, ઢાકાએ ગયા વર્ષે ઓગસ્ટમાં આ દરોમાં ઘટાડો મેળવવામાં સફળતા મેળવી હતી, જેનાથી દર ઘટીને 20 ટકા થયો હતો. અમેરિકા તરફી વલણ માટે જાણીતા યુનુસે જણાવ્યું હતું કે, ગયા વર્ષે એપ્રિલથી ચાલી રહેલી નવ મહિનાની વાટાઘાટો પછી આ સમજૂતી થઈ હતી. વ્હાઇટ હાઉસે પુષ્ટિ કરી છે કે બંને દેશો બાંગ્લાદેશમાં બિન-ટેરિફ અવરોધો દૂર કરવા માટે પણ પ્રતિબદ્ધ છે. તૈયાર કપડાં (રેડીમેડ ગારમેન્ટ્સ) ક્ષેત્ર બાંગ્લાદેશના અર્થતંત્રની કરોડરજ્જુ છે, જે કુલ નિકાસ કમાણીમાં 80 ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. તે અંદાજે 40 લાખ કામદારોને રોજગારી આપે છે, જેમાંથી મોટાભાગની ગ્રામીણ અને ઓછી આવક ધરાવતી પૃષ્ઠભૂમિની મહિલાઓ છે, અને કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) માં લગભગ 10 ટકા યોગદાન આપે છે. બાંગ્લાદેશ પોતાના વસ્ત્ર ઉદ્યોગની અમેરિકામાં થતી નિકાસોને લાભ કરાવવા ઝઝૂમી રહ્યું હતું અને તેને હાલ સફળતા મળી હોવાનું જણાય છે.

ભારતીય અર્થતંત્રમાં કૃષિ પછી બીજા ક્રમનું સૌથી મોટું રોજગાર પ્રદાતા ક્ષેત્ર ટેક્સટાઇલ ઉદ્યોગ છે. તાજેતરમાં જ્યારે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર થયો અને આયાત જકાત 50% થી ઘટાડીને 18% કરવામાં આવી, ત્યારે ભારતીય ઉદ્યોગ જગતમાં નવી આશા જાગી હતી. પરંતુ, હાલમાં થયેલા અમેરિકા-બાંગ્લાદેશ વેપાર કરારના નવા સમીકરણોએ ભારત માટે ચિંતાજનક સ્થિતિ પેદા કરી છે. આ કરારથી માત્ર સ્પર્ધા જ નથી વધી, પરંતુ ભારતના પરંપરાગત બજાર હિસ્સા પર પણ જોખમ ઊભું થયું છે. બાંગ્લાદેશ અને અમેરિકા વચ્ચેના આ કરારમાં સૌથી મોટો અવરોધ ‘ઝીરો ટેરિફ’ની સુવિધા છે. કરારની શરતો મુજબ, જો બાંગ્લાદેશ અમેરિકા પાસેથી કપાસ અથવા મેન-મેઇડ ફાઈબરની આયાત કરે અને તેમાંથી તૈયાર કરેલા કપડાંની અમેરિકામાં નિકાસ કરે, તો તેના પર 0% ટેક્સ લાગશે. બીજી તરફ, ભારત માટે આ ટેક્સ ઘટાડ્યા પછી પણ 18% જેટલો ઊંચો રહે છે. આનો સીધો અર્થ એ છે કે અમેરિકાના બજારમાં બાંગ્લાદેશી કપડાં ભારતીય ઉત્પાદનો કરતા આશરે 18% સસ્તા હોઈ શકે છે. આટલો મોટો ભાવ તફાવત વૈશ્વિક બ્રાન્ડ્સ અને રિટેલર્સને ભારતથી હટાવીને બાંગ્લાદેશ તરફ વાળવા માટે પૂરતો છે. આ કરારની બીજી ગંભીર અસર ભારતીય કપાસ અને યાર્ન ઉદ્યોગ પર પડશે. બાંગ્લાદેશ વિશ્વમાં કપાસના સૌથી મોટા આયાતકારોમાંનું એક છે અને અત્યાર સુધી ભારત તેનો મુખ્ય સપ્લાયર રહ્યું છે. દર વર્ષે ભારત અંદાજે 3 બિલિયન ડોલરનું કપાસ બાંગ્લાદેશને નિકાસ કરે છે. જો કે, નવા કરારનો લાભ લેવા માટે બાંગ્લાદેશ માટે હવે અમેરિકન કપાસ ખરીદવો અનિવાર્ય બનશે. જો બાંગ્લાદેશ ભારતને બદલે અમેરિકા પાસેથી કાચો માલ ખરીદવાનું શરૂ કરશે, તો ભારતના ખેડૂતો અને સ્પિનિંગ મિલોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડી શકે છે. બાંગ્લાદેશની મજબૂતી તેની સસ્તી મજૂરીમાં છે, જે ભારત કરતા ઘણી ઓછી છે. આ ઉપરાંત, ત્યાંની સરકાર ટેક્સટાઇલ ક્ષેત્રને ભારે સબસિડી પણ આપે છે. ભારત પાસે અત્યાધુનિક ટેકનોલોજી અને કાચા માલનો વિશાળ સ્રોત હોવા છતાં, બાંગ્લાદેશની ઓછી પડતર કિંમત અને હવે મળેલી ટેક્સ મુક્તિને કારણે ભારત માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ટકી રહેવું મુશ્કેલ બનશે. ખાસ કરીને ગુજરાતનું સુરત, જે મેન-મેઇડ ફાઈબરનું હબ છે, અને તમિલનાડુનું તિરુપુર, જે હોઝિયરી માટે જાણીતું છે, તેમને સીધી અસર થવાની ભીતિ છે. સુરતના ઉદ્યોગકારોએ હવે તેમના નફાના ગાળામાં મોટો કાપ મૂકવો પડશે અથવા તો નવીનતા લાવવી પડશે. રોકાણની દૃષ્ટિએ પણ આ કરાર ભારત માટે નકારાત્મક સાબિત થઈ રહ્યો છે. કરારની જાહેરાત બાદ ભારતીય શેરબજારમાં ટેક્સટાઇલ કંપનીઓના શેરમાં જે રીતે ઘટાડો જોવા મળ્યો છે, તે રોકાણકારોમાં વ્યાપેલી ચિંતાઓ દર્શાવે છે. જો બાંગ્લાદેશ અમેરિકાનું પસંદગીનું સપ્લાયર બની જશે, તો નવી ફેક્ટરીઓ અને મોટા રોકાણો ભારતને બદલે બાંગ્લાદેશ તરફ વળે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

જો કે, આ પરિસ્થિતિમાં ભારત પાસે કેટલાક રસ્તાઓ હજુ ખુલ્લા છે. ભારતીય ઉદ્યોગોએ હવે માત્ર સાદા અને સસ્તા કપડાં બનાવવાને બદલે ‘વેલ્યુ એડિશન’ પર ધ્યાન આપવું પડશે. ટેકનિકલ ટેક્સટાઇલ, સસ્ટેનેબલ ફેશન અને હાઈ-એન્ડ ડિઝાઈનિંગ એવા ક્ષેત્રો છે જ્યાં ભાવ કરતા ગુણવત્તા વધુ મહત્વ ધરાવે છે. આ ઉપરાંત, ભારત સરકારે અમેરિકા સાથે ફરીથી વાટાઘાટો કરીને ટેરિફમાં વધુ ઘટાડો કરાવવો પડશે અથવા નિકાસકારોને અમુક ચોક્કસ યોજનાઓ દ્વારા સહાય વધારવી પડશે.નિષ્કર્ષમાં, અમેરિકા-બાંગ્લાદેશ વેપાર કરાર એ ભારતીય ટેક્સટાઇલ ઉદ્યોગ માટે એક ગંભીર ચેતવણી છે. 18% ટેક્સનો તફાવત એ એક મોટી દીવાલ સમાન છે જેને પાર કરવા માટે ભારતે તેની ઉત્પાદકતામાં સુધારો અને નીતિઓમાં પરિવર્તન લાવવું જ પડશે. જો સમયસર પગલાં લેવામાં નહીં આવે, તો ભારતની ટેક્સટાઇલ નિકાસનો મોટો હિસ્સો પડોશી દેશ પાસે જતો રહેશે. આંતરરાષ્ટ્રીય વેપારમાં અને આજે મુક્ત અને ખુલ્લા થયેલા વિશ્વમાં કેવી અનિશ્ચિતતાઓ પ્રવર્તી શકે છે તેનું આ ઉદાહરણ છે. આજથી થોડા જ દિવસો પહેલા અમેરિકાના ટેરિફ ઘટવાને કારણે ભારતીય ઉદ્યોગ જગતમાં ખુશીનો માહલો હતો, પરંતુ અમેરિકા અને બાંગ્લાદેશ વચ્ચે વેપાર કરાર થતાં જ ભારતીય ઉદ્યોગ જગતમાંથી વસ્ત્ર ઉદ્યોગ માટે ચિંતાનો માહોલ ઉભો થઇ ગયો છે. જો કે ભારતીય વસ્ત્ર ઉદ્યોગે આ સંજોગોને પડકાર સમજીને તકલીફને તકમાં બદલી નાખવાના પ્રયાસો કરવા જોઇએ અને પોતાના માલની ગુણવત્તા સુધારીને અને તે સાથે જ તેનો ઉત્પાદન ખર્ચ શક્ય એટલો ઘટાડીને પોતાની વસ્ત્ર નિકાસોને સ્પર્ધાક્ષમ બનાવવાના પ્રયાસો કરવા જોઇએ.

## માત્ર પાંચ મિનિટ

એક મિત્રે સરસ વાત કરી. રોજ મિત્ર સવારે તેનાં બે બાળકોને બરાબર સવારે ૭.૪૦ શાળામાં મૂકવા જાય. જો બંને બાળકો સમયસર તૈયાર થઈ જાય અને એ કારમાં ગોઠવાઈ જાય તો તેઓ સાત જ મિનિટમાં શાળામાં પહોંચી જાય અને બાળકોને શાળામાં મૂકી મિત્ર 8:00 વાગ્યા પહેલાં તો ઘરે પાછા પણ આવી જાય પણ જો સવારે ઊઠવામાં કે તૈયાર થવામાં જરાક ચૂક કે ઢીલાશ થાય અને બાળકો બરાબર ૭.૪૦ એ તૈયાર ન હોય અને માત્ર પાંચ જ મિનિટનું મોડું થાય એટલે કાર ૭.૪૦ ને બદલે ૭.૪૫ એ ચાલુ થાય તો શું થાય?

મિત્રે આગળ જણાવ્યું, આપણને બધાને એમ થાય કે માત્ર પાંચ મિનિટ મોડું થાય તેમાં શું ફરક પડે પણ મારો અનુભવ કહે છે કે ઘણો ફરક પડે. મોડું માત્ર પાંચ મિનિટનું થયું હોય પણ આ પાંચ મિનિટમાં જ રસ્તામાં એવો ટ્રાફિક વધી જાય કે શાળામાં સાત મિનિટમાં પહોંચવાનું હતું તેને બદલે ૧૫ થી વધારે મિનિટ લાગે. ઘરે પણ ૧૦ મિનિટમાં પાછા આવી જવાને બદલે ૨૦ મિનિટ વધુ લાગે એટલે હું ૮:00 વાગ્યાની અંદર ઘરે પહોંચી જતો તેની બદલે ૮.૨૦ એ ઘરે પહોંચું એટલે સવારમાં ૨૦ મિનિટ વધુ વેડફાઈ જાય. માત્ર પાંચ મિનિટનું મોડું થાય તેમાં ૨૦ મિનીટનું નુકસાન થાય. મિત્રની વાત સાંભળી આપણને એમ થાય અરે તો શું થયું? ૨૦ મિનિટ આમ કે આમ પણ એમ ન હોય, સમયની કિંમત કરવી જોઈએ. મિત્રે પોતાની વાત આગળ સમજાવતાં કહ્યું કે આવી પાંચ મિનિટ આપણા જીવનમાં ઘણી વાર મોટો ફરક પાડે છે. સવારના પાંચ મિનિટ મોડું થાય તો ૨૦ મિનિટ બગડી જાય. જીવનમાં ક્યારેક પાંચ મિનિટનો ફરક પડે તેમાં કોઈ તક ચૂકી જઈએ. કોઈ નિર્ણય લેવામાં પાંચ મિનિટ મોડું કરીએ કે પછી પાંચ મિનિટ રડવામાં કે દુ:ખી અને નિરાશ રહેવામાં વિતાવી દઈએ તો જીવનમાં જે કામ જલ્દી થઈ શકે, જે સુખ સફળતા મળી શકે, જે મંઝિલ સુધી પહોંચવાનું હોય ત્યાં પહોંચવામાં મોડું થઈ જાય. માત્ર પાંચ કિંમતી મિનિટના ફરકને કારણે જલ્દી સફળતા મળી શકે. જીવનમાં તક ઝડપી શકાય. ક્યાંક પાંચ મિનિટ માટે ચૂકી ગયા તો તક હાથમાંથી છૂટી જાય.



ચાર્જીંગ પોઈન્ટ

હેતા ભૂષણ

# ભારત-યુએસ ટ્રેડ ડીલ: કોણ જીત્યું?

### આ સોદા દ્વારા ટેક્નોલોજી, ઉત્પાદન અને શ્રમ-પ્રધાન ઉદ્યોગોમાં ભારત માટે નવી તકો ઊભી થશે

અમેરિકાએ ભારતીય માલસામાન પરની ટેરિફ 50%થી ઘટાડીને 18% કરી છે, જે પગલાને ભારત સરકારે આવકાર્યું છે. એવા અહેવાલ છે કે, ભારત અમેરિકન વસ્તુઓ પરની ટેરિફ ઘટાડીને શૂન્ય કરશે, રશિયન ક્રૂડ ઓઈલના સ્થાને અમેરિકાથી સપ્લાય થશે, પોતાનું કૃષિ બજાર ખોલશે અને વધુ અમેરિકન સામાન ખરીદશે. ભારતે જણાવ્યું હતું કે, યુએસ ટ્રેડ ડીલ કૃષિ અને ડેરી જેવા સંવેદનશીલ ક્ષેત્રો માટે રક્ષણ જાળવી રાખશે. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે શનિવારે ખાતરી આપી હતી કે, નવી ભારત-યુએસ ટ્રેડ ડીલ ભારતીય ખેડૂતો, ડેરી ઉત્પાદકો કે ગ્રામીણ નોકરીઓને નુકસાન પહોંચાડશે નહીં. ગોયલે કહ્યું કે, સરકારે એવું ટેરિફ માળખું સુરક્ષિત કર્યું છે જે દેશના સૌથી સંવેદનશીલ ખાદ્ય ક્ષેત્રોનું રક્ષણ કરે છે, જ્યારે ભારતીય ઉત્પાદકો, ટેક ઉત્પાદકો અને શ્રમ-પ્રધાન ઉદ્યોગો માટે નિકાસની વ્યાપક તકો પૂરી પાડે છે.

આપણે સ્વીકારવું જોઈએ કે, મહિનાઓના તણાવ અને વાટાઘાટો પછી યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારતે વચગાળાના વેપાર કરારની જાહેરાત કરી છે, જેમાં માર્ચમાં અંતિમ વ્યાપક સમજૂતીની અપેક્ષા છે. આ એગ્રીમેન્ટ એક આવકારદાયક છે, જે લાંબા સમયથી પડતર હતો. તે બંને સરકારો દ્વારા આર્થિક સંબંધોમાં સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટેનો એક ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે, જે સતત તણાવ હેઠળ હતો.

આ સાથે અનેક સવાલોના જવાબ ન મળવાને કારણે આપણે સાવધ રહેવું પડશે. કરારના ઘણા વિગતવાર પાસાઓ અસ્પષ્ટ છે. નવા ટેરિફ માળખાનું ટકાઉપણું, ‘રૂલ્સ ઓફ ઓરિજિન’ની મર્યાદા, અમલીકરણ અને વિવાદ નિવારણ માટેની પદ્ધતિઓ અને ફાર્માસ્યુટિકલ્સ, કૃષિ અને ડિજિટલ સેવાઓ જેવા સંવેદનશીલ ક્ષેત્રો વિશે ઘણા પ્રશ્નો છે જેના ઉત્તરો મળ્યા નથી. આ ઉપરાંત ભારતના રશિયન તેલની આયાતની ભૂમિકા અંગે પ્રશ્નો યથાવત છે, જે એકમાત્ર એવું પરિબળ હતું જેણે ટ્રમ્પને ગયા વર્ષે ભારત પર વધારાની 25% શિક્ષાત્મક ટેરિફ લાદવા માટે મજબૂર કર્યા હતા.

ભારત યુએસ આયાત માટે ટેરિફ ક્યાં ઘટાડી રહ્યું છે? આ સંવેદનશીલ કૃષિ ક્ષેત્રોની બહારના ક્ષેત્રો છે. ભારત મશીનરી, ઈલેક્ટ્રિકલ્સ, વાહનો અને તેના ઘટકો તથા કેમિકલ્સ પર ટેરિફ ઘટાડે છે અથવા નાબૂદ કરે છે. આ ઉત્પાદન અને નિકાસ માટેના ભારતના પ્રયાસ સાથે સુસંગત છે. ભારતે યુએસ ટેક્નોલોજી, ડેટા-સેન્ટર અને સેમિકન્ડક્ટર હાર્ડવેર પરની ડ્યુટી ઘટાડી છે. આમાં હાઈ-એન્ડ સર્વર્સ, એઆઈ હાર્ડવેર અને ડેટા-સેન્ટર સાધનોનો સમાવેશ થશે. આનો હેતુ ભારતની ટેક અને એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ ખર્ચ-અસરકારક અને સ્પર્ધાત્મક બનાવવાનો છે.

ભારત કેટલીક બિન-સંવેદનશીલ કૃષિ અને ખાદ્ય ચીજો પર ટેરિફ ઘટાડી રહ્યું છે. આ મોટા ભાગે ઉચ્ચ આવક ધરાવતા પરિવારો દ્વારા ઉપયોગમાં લેવાય છે અને તેનાથી નાના ખેડૂતોને કોઈ ખતરો નથી. આ વસ્તુઓ ડ્રાયડ ડિસ્ટિલર્સ ગ્રેઈન્સ, રેડ સોર્ગમ (લાલ જુવાર) ટ્રી નટ્સ, સોયાબીન તેલ અને પસંદગીના ફળો, વાઈન અને સ્પિરિટ્સ છે.

બદલામાં અમેરિકા ભારતને શું આપી રહ્યું છે? યુએસ ભારતીય નિકાસના વિશાળ સેટ પર સમાન 18 ટકા ટેરિફ લાગુ કરશે, જેના પર અગાઉ ઘણી વધારે ડ્યુટી લાગતી હતી. જે ભારતીય ક્ષેત્રોને ફાયદો થશે તેમાં કાપડ અને વસ્ત્રો, ચામડું અને ફૂટવેર, પ્લાસ્ટિક અને રબરના સામાન, ઘરની સજાવટ અને કાર્પેટ, મશીનરી અને કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, રત્નો અને હીરા અને વિમાનના ભાગોનો સમાવેશ થાય છે.

અમેરિકા કેટલીક ભારતીય પ્રોડક્ટ્સ પર અગાઉ લગાવેલી મેટલ-સિક્યોરિટી ટેરિફ પણ પાછી ખેંચી રહ્યું છે. ભારત-યુએસ ટ્રેડ ડીલ માત્ર ભારતીય ઉત્પાદનો માટે યુએસ માર્કેટમાં વધુ પહોંચ પૂરી પાડશે નહીં, પરંતુ આપણા શ્રમ-સઘન ક્ષેત્રોને પણ ટેકો આપશે. ઉપરાંત તે આપણા ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટું પ્રોત્સાહન આપશે. નવા માળખા હેઠળ, દ્વિપક્ષીય વેપાર રૂ. 45 લાખ કરોડ થવાનો અંદાજ છે. આમાંથી ભારતીય નિકાસકારો અમેરિકન અર્થતંત્રના લગભગ રૂ. 30 લાખ કરોડના બજાર સુધી પહોંચ મેળવશે. આ એક અભૂતપૂર્વ તક છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**સંવેદનશીલ કૃષિ ક્ષેત્રોની સુરક્ષા અને ભૂ-રાજકીય તણાવ વચ્ચે આર્થિક સંબંધોને મજબૂત બનાવવાનો પ્રયાસ**

# સમતુલિત વિકાસ માટે સમતુલિત બજેટ અનિવાર્ય છે

૭૦૦૦ વર્ષથી પણ જૂની ભારતીય સંસ્કૃતિમાં પ્રજાનું પરસ્પરનું અવલંબન અને સમાયોજન અંગ્રેજોના આગમન સુધી ટક્યું. પરંતુ ઔદ્યોગિક ક્રાંતિની અવળી અસરથી ગામ અને શહેર, નિરક્ષર અને સાક્ષર, પશુ આધારિત ઊર્જા અને વીજળી આધારિત યંત્રો, માટી અને સિમેન્ટ ક્રોકિંટના આવાસ, પરંપરાગત અને આધુનિક તેવી બે સ્થિતિમાં સમાજ વહેંચાઈ ગયો. અંગ્રેજકાળમાં રોપાયેલાં મૂળ ઊંડે સુધી પહોંચતાં આજે દેશ ૭૫ વર્ષ પછી પણ ગામડું અને શહેર, તેમ બે ભાગમાં વહેંચાયેલો જોવા મળે છે. પરંતુ સમય બદલાતાં જાડું અનાજ, જાડાં કપડાં અને જાડી હથેળી ધરાવતા અને પ્રકૃતિ સાથે સંબંધ રાખતા ગામડાનાં માણસની પણ હવે અપેક્ષા રહે છે કે, ડિગ્રી હાંસલ થાય તેવું ભણવું, ઊંચા પગારની નોકરી કરવી, પેટ્રોલ ડીઝલથી ચાલતું વાહન વસાવવું, હળવાં કપડાં પહેરવાં, પગમાં મોલ્ડેડ શુઝ અને હાથમાં મોબાઈલ રાખવો અને તક મળે શહેરમાં જઈને વસવું. આવી જ કંઈ માનસિક્તામાંથી સુરત, અમદાવાદ, રાજકોટ, ભરૂચ જેવાં શહેરોમાં માણસો ખડકાઈ રહ્યાં છે. જો કે શહેરી જીવનની દોટે માણસના સત્ત્વને ખતમ કરી નાખ્યું છે અને માણસાઈ મરી રહી છે. આમ છતાં, હજુ લોકો સ્થળાંતર કરી શહેર ભણી વણઝાર માફક જઈ રહ્યાં છે ત્યારે શહેર અને ગામડું તેવા ભેદ મિટાવી વિકસિત સમાજની કલ્પનાને સાકાર કરવાનો સમય પાકી ગયો જણાય છે.

એકવીસમી સદી બે સંભાવનાઓને લઈને આવી છે, જેના એક છેડા ઉપર ગરીબી, અરાજક્તા, પાણી અને પર્યાવરણના સ્રોતની તંગી, સંસ્કૃતિને લોપ, માનવતાવિહોણી સ્વાર્થ વૃત્તિ. તેવાં અનેક દૂષણો ડોકાં દે છે તો બીજાં પાસાં ઉપર સબળ સંચાર ઉપકરણો, કમ્પ્યૂટર અને એ.આઈ. ટેક્નોલોજી, બાયો એન્જિનિયરિંગ, શરીર અને વિશેષતઃ મસ્તિષ્ક વિજ્ઞાન અંગેની સમજ તેવી વિપરીત સ્થિતિ છે ત્યારે શહેરી વાતાવરણમાં શું સ્વીકાર્ય રહેશે અને ગામડું કોને અપનાવશે તેનો જવાબ સમય નક્કી કરી રહ્યાનું જણાય છે.

લોકશાહીમાં રાજકીય પક્ષોનું કેન્દ્ર સત્તા હોય છે. અમલદારોનું લક્ષ અધિકાર અને ન્યાયનું કામ કાયદાનો અમલ હોય છે. ભારતીય બંધારણે લોકશાહીને પિરામીડ આકારે કલ્પી તેના ત્રણ આયામ પ્રસ્થાપિત કર્યા હતા. પરંતુ આઝાદીનો અમૃત કાળ વીત્યા છતાં આમ પ્રજાની સ્થિતિ દુ:ખદ રહેતાં એક નવો દષ્ટિકોણ ઉમેરવાની આવશ્યક્તા ઊભી જે પ્રજાકીય યોજનાઓને આમ જનતા સુધી પહોંચાડવા માટે સમતુલિત રીતે બજેટની ફાળવણી કરવામાં આવે. એટલું જ નહીં પણ પ્રજાને પ્રતિનિધિ માફક પ્રજાકીય સંસ્થાઓને પણ નીતિવિષયક નિર્ણયોમાં તેની અમલવારીમાં અને સવિશેષ મળેલ પરિણામોના મૂલ્યાંકનમાં ભાગીદાર બનાવવામાં આવે છે.

જમીની સ્થિતિ એ છે કે જે દેશમાં શિક્ષણ, આરોગ્ય, કુટુંબ, અધ્યાત્મ પ્રકારે વ્યવસ્થાઓથી સમાજ બદ્ધ રહેતો તેનો જ પ્રભાવ જીર્ણ થઈ રહ્યો છે. પૈસા એ એક માત્ર આખરી સત્તા તરીકે પ્રતિપાદિત થતા શહેર અને હવે ગામડાંઓમાં પણ પૈસા સફળતાનું માપદંડ બન્યા છે. ગાડી -બંગલો- ફાર્મહાઉસ-સોનું-કપડાં ઈત્યાદિ દેખીતો વૈભવ સફળતાનો માપદંડ ગણાયો છે.

ગ્રામ પ્રદેશની બજાર સુધી પહોંચતી ચીજવસ્તુઓની ભરમારથી આજે ગામડું ખર્ચાળ બન્યું છે. સાથોસાથ સંચાર માધ્યમોના વેગીલા પ્રવાહના કારણે ગ્રામ્ય વિસ્તારમાં ભૌતિક જીવન પ્રત્યે અપેક્ષાઓ વધી છે. જે સ્થિતિ વચ્ચે ગામડાંના યુવાનને શહેરોમાં સ્થળાંતર કર્યા સિવાય રોજગાર મળે અને સુવિધાપૂર્ણ જીવનશિક્ષણ મળે તે માટેની તાલીમ શાળા કોલેજો અને યુનિવર્સિટીમાંથી મળવી અપેક્ષિત છે. એટલું જ નહીં પણ ગામડાંના માળખાગત વિકાસ માટે શહેર જેટલું બજેટ ફાળવવામાં આવે. ગામડું શહેર ભણી દોટ મૂકી રહ્યું છે અને શહેરો વસતીના દબાણથી ઉદ્ભવતા પ્રશ્નો વચ્ચે ઝઝૂમે છે ત્યારે ગુજરાતનાં લોકોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાઓએ અભ્યાસ કરી ૨૧મી સદી માટે આવશ્યક વિકાસનો યોજનાબદ્ધ ખ્યાલ આપે તો રાષ્ટ્રને ન્યાય અને સમતુલિત વિકાસના હેતુ તરફ દોરી શકાય.

એકવીસમી સદીના પ્રશ્નો સામે ટક્કર લઈ શકે તેવા સમાજના ઘડતરની કલ્પના છે ત્યારે પ્રજાએ પણ સમજવું પડે કે, માત્ર ફાયદો કે નિજી સ્વાર્થથી ઉપર આવી સર્વ જનહિતાય સર્વ જનસુખાયના વિચારને અમલમાં લાવવા પડશે અને આમ નહીં થાય તો આમપ્રજાનાં હિત વિરુદ્ધનાં વલણનો લાભ બજાર લેતું થશે. સરવાળે આરોગ્ય, રમતગમત, શિક્ષણ, વ્યવસાય, તબીબી સેવાઓ તેમ તમામ ક્ષેત્ર ધંધાના ભાગરૂપે નફા-નુકસાનનાં ત્રાજવે પ્રતિષ્ઠિત બનતાં જશે અને અંગ્રેજની ગુલામીના સ્થાને મૂડીવાદી વ્યવસ્થાના ગુલામ બની જઈશું.

સમયની માગ રહે છે કે, રાજકીય પક્ષો પ્રજાના મનોરંજન અને આળપંપાળ છોડી, મૂડીવાદનો પરદેશી અભિગમ છોડી જનશિક્ષણનું કામ કરે. છૂટા હાથે ચૂંટણીલક્ષી રેવડી વહેંચવાનું બંધ કરે. સમયનો પડકાર ઝીલી લઈને આઝાદીના અમૃત વર્ષે શ્રેષ્ઠ ભારતવર્ષ માટે વિજ્ઞાન અને તકનિક દ્વારા ગ્રામ અને શહેર તેવા ભેદ મિટાવી દે. ભારતીય સંસ્કૃતિના હાર્દ સમાન વૈયક્તિક સ્વાવલંબન અને સાંસ્કૃતિક મૂલ્યોને પુનઃ સ્થાપિત કરે. વિશ્વગ્રામને આચરણમાં મૂકી રાજ્ય વ્યવસ્થાપનમાં નિર્ણય, અમલવારી અને મૂલ્યાંકનથી સમાજને વિકેન્દ્રિત કરવામાં સહયોગી બનીએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

**એકવીસમી સદી બે સંભાવનાઓને લઈને આવી છે, જેના એક છેડા ઉપર ગરીબી, અરાજક્તા, પાણી અને પર્યાવરણના સ્રોતની તંગી, સંસ્કૃતિને લોપ, માનવતાવિહોણી સ્વાર્થ વૃત્તિ. તેવાં અનેક દૂષણો ડોકાં દે છે તો બીજાં પાસાં ઉપર સબળ સંચાર ઉપકરણો, કમ્પ્યૂટર અને એ.આઈ. ટેક્નોલોજી, બાયો એન્જિનિયરિંગ, શરીર અને વિશેષત: મસ્તિષ્ક વિજ્ઞાન અંગેની સમજ તેવી વિપરીત સ્થિતિ છે**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## LED લાઈટ અકસ્માત ફાસ્ટ

કાર અને સ્કૂટર પર લાગતા એલઈડી લાઈટ અકસ્માતનું મૂળભૂત કારણ હાઈ વે ગામડાંના નાના રસ્તા અને સીટીમાં પણ રોજિંદા અકસ્માતનું કારણ એલઈડી લાઈટથી અંજાઈ જતી લાઈટથી એક્સિડન્ટ થાય છે અને અમુક વર્ગ તો એ એલડીઈ લાઈટને કાઢી મોટી હેલોઝા જેવી વાઈટ લાઈટ લગાડીને ફેશન સમજીને અકસ્માતને ઈન્વીટેશન આપે છે. આપણી આર.ટી.ઓ. હાઈ વે ઓથોરિટી અને તંત્ર આના પર કંઈક વિચારશે ખરી. આના માટે કંપનીઓને નોટીફીકેશન અને અકસ્માતની અને ફેટલ એક્સીડન્ટની થતી ચોક્કસ માહિતી આપીને આને રિપ્લેસ અને નવી ગાડીમાં આ ટાઈપની લાઈટ બંધ કરીને એક સમયસૂચકતા વાપરીને જરૂરી પગલાં લઈને અકસ્માત ટાળે અને જાનહાનિ બંધ થાય એવી સમજદારી અપનાવીને આનું નિરાકરણ લાવો.

**સુરત - તુષાર શાહ**

## T-20 ક્રિકેટ કાર્નિવલ

દુનિયાભરના વિવિધ દેશોના અનુભવી ક્રિકેટરોથી ભરપૂર T-20 વર્લ્ડ કપની શરૂઆતના પ્રથમ દિવસની ત્રણ દેશોની રમતમાં જોતાં એવું લખનારને લાગ્યું કે, બધા જ દેશોનાં ખેલાડીઓ પોતાની આગવી રોમાંચક ક્રિકેટની રમતનું શાનદાર પ્રદર્શન કરી, વર્લ્ડ કપ ટાઈટલ હાંસલ કરવા સજ્જ છે. પ્રથમ T-20 પાકિસ્તાન-નેધરલેન્ડ, બીજી T-20 ઈન્ડિયા પ્રત્યક્ષ નિહાળતાં લખનારનું માનવું છે કે મેદાન પર ખેલાડીઓના શાનદાર જાનદાર ડાબેરી બેટસમેનોના છગ્ગાની રમઝટ અને ફિલ્ડીંગને સલામ.

**રાંદેર, સુરત - દીપક બી. દલાલ**

## સ્માર્ટ ફોન - બેધારી તલવાર

તારીખ 8 ફેબ્રુઆરીના ‘ગુજરાતમિત્ર’માં ‘ટુ ધ પોઈન્ટ’માં સમકિત શાહે કુમળી વયે સ્માર્ટ ફોનના વપરાશ માટે યોગ્ય જ વિસ્તૃત છણાવટ કરી છે. ઉત્તરપ્રદેશનાં ગાઝિયાબાદમાં ત્રણ સગીર બહેનોના સામુહિક આત્મહત્યા કેસ સોશ્યલ મીડિયા અને સોશ્યલ કલ્ચરનો અંધવિશ્વાસ કેવી રીતે જીવલેણ બની શકે છે, તેનો જીવંત દાખલો છે.

આ ત્રણેય બહેનો સાઉથ કોરિયન સંસ્કૃતિથી એટલી હદે પ્રભાવિત હતી કે તેઓ પોતાને ભારતીય માનવા જ તૈયાર ન હતી. જ્યારે તેમનાં મા-બાપે લગ્નની વાત કરી, ત્યારે તેમણે દલીલ કરી કે, ‘‘ અમે તો કોરિયન છીએ તો ભારતીય યુવક સાથે લગ્ન કેમ કરીએ?’’ આ કાલ્પનિક અને ભ્રમિત માનસિકતા આત્મહત્યા કરવા તરફ દોરી ગઈ. ‘‘ સોરી પપ્પા, અમે મોબાઈલ વિના જીવી ન શકીએ.’’ સ્યુસાઈડ નોટનું આ લખાણ જ ઘણું કહી જાય છે. આ કિસ્સો આજનાં વાલીઓ માટે લાલબત્તી સમાન છે, કે તેમનાં સંતાનો સોશ્યલ મીડિયા પર ક્યા પ્રકારની સામગ્રી જોઈ રહ્યાં છે અને તેમના માનસપટલ પર કેવી અસર કરી રહી છે. પડોશીઓના કહેવા મુજબ આ છોકરીઓ સોસાયટીના કોઈ પણ સામાજિક કે ધાર્મિક કાર્યક્રમમાં ક્યારેય દેખાઈ નથી. જો આપણાં બાળકો એમની ઉંમરનાં બાળકો સાથે નથી રમી રહ્યાં કે વાતો નથી કરી રહ્યાં, તો મા-બાપે સાવધ થઈ જવાની જરૂર છે.

સ્માર્ટફોન એ ડ્રગ્સથી વધારે ભયંકર નશો કહી શકાય કે જે દ્વારા જ તેના અભાવમાં નાસીપાસ, હતાશ થઈ અંતિમ પગલાં ભરવા પ્રેરે છે. વળી, સિક્કાની બીજી બાજુ વિચારતાં આજના ટેકનોલોજીકલ યુગમાં મોબાઈલ એક એવું નાનકડું જરૂરી હાથવગું ઉપકરણ છે, કે જેના થકી પળવારમાં જ્ઞાનની બારીઓ ખુલી જાય છે પણ તેનો ગલત ઉપયોગ વિનાશ જ સર્જે છે.

**સુરત - કલ્પના બામણિયા**

## કફ સીરપ

કફ સીરપ એક ખાંસી-શરદી માટે વપરાતું સામાન્ય ઔષધ છે અને એનાથી નાનાં બાળકોનો ભોગ લેવાતો હોય તો એને માટે જવાબદાર કોણ? કફ સીરપથી બાળકોનાં મોત બાબતે સરકારે જવાબદારોને સજા તો આપી છે પરંતુ આ કાર્યવાહી, તપાસ, વળતર અને સજા સુધી મર્યાદિત ન રહે. દવાના નિર્માણ તબક્કે જ એમાં રહેલાં ઘટકોની પૂરતી કાળજી લેવામાં આવે. ઔષધની પૂરતી ચકાસણી કરીને પછી જ તેને બજારમાં મૂકવામાં આવે. એમાં રહેલા માપદંડોને નજરઅંદાજ ન કરવામાં આવે, તેની ઉચિત વ્યવસ્થા કરવી પડશે. તો જ કફસીરપથી ભોગ બનનાર બાળકોને જીવનદાન મળશે અને આ કફ સીરપ વડે થનાર મૃત્યુનો આંક ઘટશે. અરે નહીંવત્ થશે તેમજ આવી પુનરાવૃત્તિ રોકવા માટે દોષિતોને અક્ષમ્ય અવરોધ જેવી સજા મળે એ જોવું રહ્યું.

**અડાજણ - શીલા સુભાષ ભટ્ટ**

## દીકરો લાયક અને નાલાયક

જો દીકરો નકામો દીકરો હોય, તો સંપત્તિ કેમ ભેગી કરવી?! દીકરો લાયક (સારો દીકરો) હોય, તો તેને પૈસાની જરૂર નથી; તે પોતે જ કમાશે અને જો દીકરો નકામો (નાલાયક દીકરો) હોય, તો સંપત્તિ ભેગી કરવાનો શું અર્થ છે?! તે તેનો બગાડ કરશે. તેથી, સંપત્તિ કરતાં વધુ મહત્ત્વનું એ છે કે બાળકોને સારાં મૂલ્યો અને શિક્ષણ આપવું, જે તેમના ભવિષ્યને આકાર આપશે અને તેમને આત્મનિર્ભર બનાવશે! અલબત્ત,સપૂત (લાયક પુત્ર): જો દીકરો બુદ્ધિશાળી, મહેનતુ અને જવાબદાર હશે, તો તેને તમારા પૈસાની જરૂર નહીં પડે. તે પોતાની મહેનત દ્વારા પૈસા કમાશે અને તેનું જીવન સુધારશે. આવા કિસ્સામાં, સંપત્તિ ભેગી કરવી અર્થહીન છે કારણ કે તે પોતાની જાતે સક્ષમ છે, ઉલ્ટાનું,કપૂત (નાલાયક પુત્ર): જો દીકરો બેજવાબદાર હોય અથવા ખોટા માર્ગ પર હોય, તો તે તમારી બધી સંપત્તિ ભેગી કરશે. આવા કિસ્સામાં, સંપત્તિ ભેગી કરવી અર્થહીન છે, કારણ કે તે તેનો યોગ્ય રીતે ઉપયોગ કરશે નહીં અને તેનો બગાડ કરશે! આમ બાળકોમાં સારાં મૂલ્યો, યોગ્ય વિચારસરણી અને શિક્ષણનો વિકાસ સંપત્તિ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ તેમની વાસ્તવિક સંપત્તિ અને ભવિષ્ય છે, જે તેમને જીવનમાં સફળ બનાવે છે, એ વાસ્તે પણ સંપત્તિ કરતાં વધુ મહત્ત્વનું બાળકોને સારાં મૂલ્યો અને શિક્ષણ આપવું, જે તેમને આત્મનિર્ભર બનાવશે અને તેમના ભવિષ્યને આકાર આપશે! જો દીકરો લાયક હોય, તો તેને પૈસાની જરૂર નથી; તે પોતે જ કમાશે અને જો દીકરો નકામો હોય, તો સંપત્તિ ભેગી કરવાનો શું અર્થ છે?! તે તેનો બગાડ કરશે! જેથી કરીને ઉપર અગાઉ ભારપૂર્વક કહ્યું તેમ બાળકોને સારાં મૂલ્યો, યોગ્ય વિચારસરણી અને શિક્ષણ આપવું એ જ વાસ્તવિક સંપત્તિ છે, જે તેમને જીવનમાં સફળ બનાવશે.

**સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

## કર્ણાટકમાં ‘ઓનર કિલીંગ’નો હિચકારો બનાવ

કર્ણાટકના ધારવાડ જિલ્લાના કોઈ ગામે યુવક-યુવતીને પ્રેમ થયો. તેમણે લગ્ન કરવા નિર્ણય કર્યો. યુવતીનાં માતા-પિતાનો વિરોધ હતો. બંને લગ્ન કરી નજીકનાં ગામે રહેવા શરૂ કરેલ. યુવકની ગેરહાજરીમાં પિતાએ પોતાનાં સાગરીતો સાથે પોતાની સગી દીકરીની હત્યા કરી નાસી ગયા. આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં હજુ પણ ‘દીકરી ને ગાય, દોરે ત્યાં જાય’ માનસિકતા પ્રવર્તતી જોઈને આઘાત થાય છે.

આપણે વિકાસ, પ્રગતિ અને વિશ્વગુરુ બનવાના મોટા મોટા દાવાઓ કરી રહ્યા છીએ ત્યારે આવા બનાવો આપણા દેશની છબીને નુકસાન પહોંચાડે છે. આપણે યુનોએ તા. 10 ડિસે. 1948ના રોજ પ્રગટ કરેલા માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણાના પક્ષકાર છીએ. સદર ઘોષણામાં જાહેર કરાયું છે કે દરેક વ્યકિતને પોતાની પસંદગીના પાત્ર સાથે લગ્ન કરવાનો (માનવ) અધિકાર છે. ભારતના બંધારણ અનુચ્છેદમાં આ અધિકાર સમાવિષ્ટ છે. આ બનાવથી માનવ અધિકારીનો ભંગ થાય છે.

**સુરત - અશ્વિનકુમાર ન. કારીઆ**